**અપેક્ષાઓ**| બજેટ સરકારના વાર્ષિક આર્થિક લેખાંજોખાંની સાથે જ તેની લાંબાગાળાની નીતિઓને એક મંચ પૂરું પાડે છે

# નવી સરકાર સુધારાવાદી અભિગમ અપનાવે




**આનંદ રાઠી**
લેખક 'આનંદ રાઠી ફાઈનાન્શિયલ સર્વિસિસ'ના ચેરમેન છે.


સામાન્ય ચૂંટણીમાં એનડીએને પ્રજાએ ઐતિહાસિક ચુકાદો આપીને સત્તાસ્થાને બેસાડ્યું છે અને છેલ્લા ત્રણ દાયકા બાદ કોઈ એક પક્ષને સંપૂર્ણ બહુમતી મળી છે. આ કારણે નવી સરકાર પાસે રોકાણકારોની અપેક્ષાઓ પણ આસમાને પહોંચેલી છે. આગામી સામાન્ય બજેટ નવી સરકારને નક્કર આર્થિક પગલાંની જાહેરાત કરવાનું પ્રથમ મંચ પૂરું પાડશે ત્યારે લોકો એ વાતની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે કે અર્થતંત્ર અત્યારે જે માર્ગે ચાલી રહ્યું છે ત્યાંથી પાછું વાળવામાં સરકાર કેવાં પગલાં ભરવા જઈ રહી છે. ભારતનું શેરબજાર બજેટમાં આર્થિક અને વ્યવસાયના મુદ્દાઓને લઈને એક સ્પષ્ટ રૂપરેખા અને સ્પષ્ટતાની અપેક્ષા રાખી રહ્યું છે. રોકાણકારો જે આતુરતાથી ચૂંટણીના પરિણામની રાહ જોઈ રહ્યા હતા, એવી જ આતુરતાથી હવે નવી સરકારના બજેટની રાહ જોઈ રહ્યા છે. બજેટ નવી સરકારના આર્થિક દૃષ્ટિકોણ અને મિશનને વાચા આપનારું રહેશે. સરકાર માટે સૌથી મોટો પડકાર ફુગાવો અને વ્યાજદરોમાં ઘટાડો કરવાનો છે, જેથી રોકાણને પ્રોત્સાહન વધે અને વપરાશમાં વધારો થાય. આ અંગેની સ્પષ્ટ રૂપરેખા રોકાણકારોના આત્મવિશ્વાસમાં પણ વધારો કરશે.

એ વાતનો ઈનકાર નથી કે નવી સરકારને વારસામાં નબળું અર્થતંત્ર અને ખાલી તિજોરી મળી છે, પરંતુ તેનાથી વ્યક્તિગત કરમાળખામાં ફેરફારની અપેક્ષાઓ દબાઈ જતી નથી. નાણા મંત્રી અરુણ જેટલી વ્યક્તિગત કરદાતાઓને કરવેરામાં મોટી છૂટછાટ આપશે એવી લોકોની બહોળી અપેક્ષાઓ છે. દેશનું કરમાળખું તાજેતરના ભૂતકાળમાં ચર્ચામાં રહ્યું છે. કારણ કે દેશના 4 લાખ લોકો 60 ટકા જેટલો કર ભરે છે. તદ્ઉપરાંત છેલ્લાં કેટલાંક વર્ષથી મોંઘવારીમાં જે રીતે વધારો થયો છે, તેને જોતાં વર્ષોથી ચાલ્યું આવતું કરમાળખું આઉટ ઓફ ડેટ થઈ ગયું છે.

ભારતમાં ફુગાવાના દરને ઘટાડવા અને વિકાસ દરને ઝડપી બનાવવા માટે રોકાણને પ્રોત્સાહન આપવું અનિવાર્ય બની ગયું છે. એ જ રીતે સરકાર ખર્ચ પર અંકુશ રાખે એ પણ જરૂરી છે. ત્રણ એફ - ફૂડ, ફર્ટિલાઈઝર અને ફ્યુઅલ- પાછળ જે સબસિડી આપવામાં આવી રહી છે, એ ક્ષેત્રે પણ ધ્યાન આપવાની જરૂર છે. આ વર્ષે જ્યારે ચોમાસું નબળું રહેવાની આગાહી કરવામાં આવી છે ત્યારે ખેતીમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી મહત્ત્વની બની જાય છે અને સાથે અનાજ વ્યવસ્થાપનનું વિકેન્દ્રીકરણ કરવું જોઈએ.




છેલ્લાં કેટલાંક વર્ષમાં ખાતર પાછળની સબસિડી અને ખાતરની આયાતમાં ભારતમાં ઘણો વધારો નોંધાયો છે. નાઈટ્રોજન આધારિત ખાતરની કિંમતોને તબક્કાવાર સરકારી નિયંત્રણમાંથી મુક્ત કરવી, પોષણ પદાર્થોમાં સંતુલન સાધવું, ખાતર ઉત્પાદન કરતી કંપનીઓની ઉત્પાદન ક્ષમતામાં વધારો અને ખાતર પાછળ આપતી સબસિડીઓ પર કાપ મૂકીને સરકાર પોતાના ખર્ચમાં ઘટાડો કરી શકે છે. એ જ રીતે ડીઝલના ભાવને નિયંત્રણ મુક્ત કરવાની સાથે જ એલપીજી અને કેરોસીન પાછળની સબસિડી પર ધ્યાન આપીને ઈંધણ પાછળ આપવામાં આવતી સબસિડીમાં ઘટાડો લાવી શકાય એમ છે.

બજારની દૃષ્ટિએ જોઈએ તો કરમાળખાને વધુ સ્પષ્ટ કરવાની તાતી જરૂર છે. જેમ કે ભૂતકાળના કરમાળખામાં ફેરફાર કરવા, જીએસટી અને ડીટીસી લાગુ કરવો, શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ નાબૂદ કરવો વગેરે. એ જ રીતે કોર્પોરેટ ક્ષેત્રની ક્ષમતામાં વધારો કરવો, સંશોધન અને વિકાસ તથા કુશળતાને અપગ્રેડ કરવા માટે બજેટમાં વિશેષ જોગવાઈ કરવાની જરૂર છે. કામદાર અને નિકાસ આધારિત ઉદ્યોગો જેવા કે ટેક્સ્ટાઈલ, ફૂટ પ્રોસેસિંગ, જેમ્સ એન્ડ જ્વેલરી, ઓટોપાર્ટ્સ વગેરેને ખાસ પ્રોત્સાહનની જરૂર છે. મૂડીરોકાણ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે ડાયરેક્ટ ટેક્સેશન સિસ્ટમ વ્યાજબી, સ્થાયી અને સારું ભવિષ્ય ધરાવે છે. જાહેર ક્ષેત્રની બેન્કો ઓછી મૂડી અને દબાણમાં ગયેલી સંપત્તિઓની સમસ્યાનો સામનો કરી રહી છે. આ મુદ્દાને ક્યુઆઈપી/ એફપીઓ દ્વારા બજારમાંથી મૂડી ઊભી કરીને બેન્કોને ગતિશીલ બનાવી શકાય છે. એ જ રીતે જાહેર ક્ષેત્રની કંપનીઓમાંથી સરકારની હિસ્સેદારી ઘટાડીને 51 ટકા અથવા તો 33 ટકા સુધી લાવવો પણ એક વિકલ્પ છે. આ ઉપરાંત સરકારની ભાગીદારીની અન્ય કંપનીઓમાંથી હિસ્સો વેચીને કે પછી આવી બીજી વ્યૂહાત્મક સંપત્તિઓનું વેચાણ કરીને પણ ફંડ ઊભું કરી શકાય એમ છે.

બજેટ સરકારના વાર્ષિક આર્થિક લેખાંજોખાંની સાથે જ તેની લાંબાગાળાની આર્થિક નીતિઓને પણ એક મંચ પૂરું પાડે છે. આ ઉપરાંત બજેટમાં આપણે જમીન અને કુદરતી સ્રોત સુધી કોર્પોરેટ ક્ષેત્રની પહોંચ સરળ બને તે અંગેની સ્પષ્ટ નીતિઓની અપેક્ષા રાખીએ છીએ. તેની સાથે જ જમીન સંપાદન કાયદામાં સ્પષ્ટતા, મજૂર કાયદાઓમાં સુધારા, માળખાકીય વિકાસને પ્રોત્સાહન આપતાં પગલાં જેમાં વીજળી ઉત્પાદનમાં વધારાની સાથે જ તેનું ટ્રાન્સમિશન અને વહેંચણી, સિંચાઈ ઉપર ભાર, પૂરને કાબૂમાં લેવા માટે નદીઓને જોડવાની યોજના તથા નાના ડેમ બનાવવા, રેલવે દ્વારા માલપરિવહન ક્ષેત્રે સુધારા, રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નદી અને સમુદ્ર માર્ગે પરિવહન વગેરે ક્ષેત્રે બજેટમાં ધ્યાન આપવામાં આવે એવી અપેક્ષા છે. કુલ મળીને પ્રજાએ જે રીતે ચૂંટણીમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો છે, હવે પ્રજા પણ સામે એવા જ ઐતિહાસિક બજેટની અપેક્ષા રાખી રહી છે.

એક સંતુલિત બજેટ કે જેમાં સબસિડીને ઓછું પ્રાધાન્ય હોય અને વિકાસ મુખ્ય લક્ષ્ય હોય, ખાધને કાબૂમાં લેવા માટેની ચોક્કસ રૂપરેખા, રોજગારની તકો વધારતું, મહત્ત્વનાં ક્ષેત્રોમાં સીધા વિદેશી રોકાણને પ્રોત્સાહન જેવી નીતિઓ દેશમાં રોકાણનું વાતાવરણ પેદા કરશે.